

# વિષય- શાળાના હિસાબો સાચવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ

**ઉત્સવી એન. રાણા**
(સિનિયર કલાર્ક)

આજના યુગમાં ટેકનોલોજી આપણા જીવનનો અભિન્ન હિસ્સો બની ગઇ છે શિક્ષણ ક્ષેત્ર પણ આ બદલાવથી અલગ નથી. શાળા વ્યવસ્થાપન ખાસ કરી ને હિસાબ કિતાબ રાખવાની પ્રક્રિયા જે પહેલા સમય ખાઉ અને મુશ્કેલ માનવામાં આવતી હતી ને હવે ટેકનોલોજીની મદદથી સરળ ઝડપી અને પારદર્શક બની ગયું છે. શાળાના એકાઉન્ટનું સંચાલન ખર્ચ તથા આવક ની નોધ પગાર પત્રક, ફી વસૂલાત, રેકોર્ડ રાખવા ની પધ્ધતિઓ આ બધુ હવે ડિજિટલ સિસ્ટમ દ્વારા વધુ સુવ્યવસ્થિત રીતે શકય બન્યુ છે. પહેલાના જમાનામાં રોજમેળ ખાતાવહી લખતા હતા તેને સાચવવા માટે ઘણી મુશ્કેલી પડતી તેને ઉધઇ લાગવી, આગ લાગવી, ફાટી જવા ચોરાય જાય જેવી મુશ્કેલીઓ રહેતી, હવે Tally અને Software ના જમાનામાં હાર્ડડીસ્ક અને પેનડ્રાઇવમાં ડેટા સાચવવામાં આવે છે.

**હિસાબો એટલે શું ?**

વ્યકિતગત , સંસ્થા અથવા વ્યવસાયના નાણાકીય વ્યવહાર, આવક –જાવક , ઉધાર ચુકવણી વગેરેની વિગતો લખી રાખવાનો એક સંગ્રહિત દસ્તાવેજ એટલે હિસાબ.

**ટેકનોલોજી એટલે શું ?**

માનવ જીવન ને સરળ ઝડપ ભર્યુ અને સુવિધાજનક બનાવવા માટે સાધનો, રીતો અને પધ્ધતિઓનો ઉપયોગ એટલે જ ટેકનોલોજી. જેથી જો હિસાબો સાચવવામાં ટેકનોલાજી નો ઉપયોગ કરાય તો વ્યકિત, સંસ્થા કે વ્યવસાયનો ચિતાર સરળતાથી મળી શકે છે.

શાળામાં પહેલા Tally ERP 9 ચાલતુ હતું જેમાં ઘણી સમસ્યાઓ આવતી હતી જેમ કે data transfer, ઓડિટ સમયે ઓડિટરો માટે પણ આ વૅઝન માં કોઇ અપડેશન કરી શકાતું ન હતું.

જે કારણે નવા વર્ઝન એટલે કે Tally prime શાળાના હિસાબો કરવા માટે આપનાવ્યુ. હવે બંનેમાં ઘણો તફાવત છે.

| | **Tally ERP9** | **Tally Prime** |
|---|---|---|
| Interface | જૂનૂ અને થોડુ જટીલ | નવું , આકર્ષક અને સરળ |
| Ease of Use | મેનુ આધારિત | સરળ નેવિગેશન અને યુઝર ફ્રેન્ડલી |
| Search Feature | મર્યાદિત શોધ વિકલ્પ | Go To ફીચર વડે ઝડપથી કોઇપણ કાર્ય શોધી શકાય |
| Speed & Performance | સામાન્ય ગતિ | વધુ ઝડપથી કાર્ય કરે છે |
| Reports | રિપોર્ટ મેળવવા માટે ઘણા પગલાં | તાત્કાલિક રિપોર્ટસ સરળ રીતે મળે |
| Multitasking | મર્યાદિત | એક સાથે અનેક વિન્ડોઝમાં કામ કરી શકાય |
| Installation & Update | સમય લેતુ | ઝડપી અને સરળ પ્રક્રિયા |
| Security | સામાન્ય સુરક્ષા | વધુ સુધારેલી સુરક્ષા સુવિધા |

લાઇસન્સ આધારિત છે. એકવાર લાઇસન્સ ખરીદવાથી લાંબા સમય સુધી ઉપયોગ કરી શકાય છે. ઇન્વેન્ટરી અને પેરોલ મેનેજમેન્ટ વિદ્યાર્થીઓની ફી, સ્ટાફની પેરોલ અને ઇન્વેન્ટરી મેનેજમેન્ટ માટે સક્ષમ કલાઉડ સપોર્ટ મૂળ સોફટવેર ડેસ્કટોપ આધારિત છે. કલાઉડ માટે Tally Prime Server ની જરૂર પડે છે. ઇન્ટરનેટ આધારિત સુવિધાઓ: મર્યાદિત ઇન્ટરનેટ આધારિત સુવિધાઓ છે જે એની મર્યાદા છે.

વિદ્યાર્થીઓની ફી અમને ટોટલ ફી કેટલી ફી આવી, કેટલી બાકી તેનું Bifurcation થઇ ને કેવી રીતે આવે છે. રીસર્ચ ચાલુ છે. અને બીજુ કે Tally માંથી જ રસીદ નીકળી જાય તેનું પણ કામકાજ ચાલુ છે.